




'ફીગર' માટે ધાવણ છોડાવી શીશીએ ચડાવે!
એમ 'મિડિયમ' રોફે, વિદેશી વિષ પીવડાવે -
વિચાર છૂટે, કલ્પના તૂટે 'માતૃભાષા' વિના બાધું -
રહેતું ન બાળક કયાંકનું, ચઢે અંગ્રેજી રવાડે..
(માતૃભાષા નું મહત્ત્વ)

કેન્દ્ર ને વાંકે,
કરે પ્રજાને સજા -
અણ-સમજ!
(સંગઠનો ની જોહુકમી)

સજાવે શસ્ત્રો,
થશે સંસદે શરૂ
હંગામા સત્ર -
(ભથ્થાં લૂંટ કાર્યક્રમ)




## ચિંતન

**ભિન્ને ચિત્તે કુતઃ પ્રીતિઃ સ્યાદ્ધા પ્રીતિઃ કુતઃ સુખમ્ ।**
**ત્વં ચ સ્મરસિ તં પુત્ર પુચ્છચ્છેદં સ્મરામ્યહમ્ ॥**

આમ તો આ પંચતંત્રનો એક શ્લોક છે જેમાં બ્રાહ્મણને સાપ આ શ્લોક બોધ રૂપે કહે છે :

પહેલાં એ વાર્તા જાણીએ -

બ્રાહ્મણ સાપના દર પાસે કથા કરતો અને સાપ તેને દરરોજ એક સોના મહોર આપતો. એક'દી બ્રાહ્મણને બહારગામ જવાનુ થયું. બ્રાહ્મણે તેના લોભી પુત્રને દર પાસે કથા કરી 'સોના મહોર' લેવાની વાત કરી. બ્રાહ્મણ પુત્રએ કથા કરી સાપ આવ્યો. સોના મહોર આપી, પણ લોભી પુત્રને સાપના દરમાંની બધી સોના મહોર એક સાથે લઇ લેવાની વૃત્તિ જન્મી - તેથી દર તરફ જતાં સાપ ઉપર મોટો પથ્થર માર્યો. સાપની પૂંછડી કપાઇ ગઇ, પણ બચી કયો.

બીજે દિવસે પુત્ર ધારદાર હથિયાર લઇને આવ્યો હતો પણ છૂપાઇ સાપે તેને દંશ મારી તેના પ્રાણ હરી લીધા.

થોડા દિવસ રહી બ્રાહ્મણ પાછો આવ્યો.. ફરી દર પાસે આવી કથા કહેવા લાગ્યો. પણ સાપ બહાર આવ્યો નહી. બાહ્મણે દર પાસે આવી માફી માગી ત્યારે સાપે કહ્યું :

'જયાં બંનેના ચિત્ત જુદા જાય પછી પ્રીતિ તો કયાંથી રહે? અને જેમતેમ પ્રીતી ટકિ રહે તો પણ સુખ તો કયાંથી મળે? માટે હે બ્રાહ્મણ! હવે તમે તમારા પુત્રને યાદ કરી પશ્ચાતાપ કરો હું મારી પૂંછડીને યાદ કરૂં છું.'

સામાન્ય વ્યવહારમાં પણ અવિશ્વાસ, વહેમથી, જો મન જુદાં થઇ જાય પછી પ્રીત રહેતી નથી, પરાણે પ્રેમનું સુખ કેવું હોય?!

## સુવિચાર

- નારી સાક્ષાત ક્ષમા, દયા તથા સ્નેહની દેવી છે - **બંકીમ બાબુ**
- જો કોઇ સૌંદર્યવતી સ્ત્રી પોતાની લજ્જા ત્યાગી દે તો પોતાના સૌંદર્યનું સૌથી મોટું આકર્ષણ ગુમાવી દે છે - **શરદ બાબુ**
- 'ભૂલી જવું' એ સ્ત્રીની સૌથી ઉત્તમ અને શ્રેષ્ઠ કળા છે - **રિચર્ડ એલિંગ્ડિટંન**
- સ્ત્રીઓ પુરૂષ કરતાં વધારે બુધ્ધિશાળી હોય છે, કેમ કે, તેઓ ભલે પુરૂષ કરતાં જાણે છે ઓછું પણ, પણ સમજે છે વધારે - **જેમ્સ સ્ટિફન**
- પુરૂષોને દૃષ્ટિ હોય છે સ્ત્રીઓને અંતર દૃષ્ટિ - **વિક્ટર હ્યુગો**
- સ્ત્રીની બળને કોઇ જ માપી નથી શકતું તેથી જ તેને 'અબળા' કહેવાય છે- **ઉમાશંકર જોષી**
- સ્ત્રી સહનશીલતા, અને ધૈર્યની પ્રતિમા છે કરૂણા અને મમતાનું પ્રતીક છે - **સરોજિની નાયડુ**

## બોધ કથા

બાળકના સંસ્કાર અને સંસ્કૃતિનો આધાર શિક્ષણ, તાલીમ, કેળવણી છે તેને કેવી શાળામાં, કેવા શિક્ષકો પાસે કેવા વાતાવરણમાં કયા હેતુ-ધ્યેયો માટે કેળવણી-શિક્ષણ મેળવો છે એનું વિશેષ મહત્ત્વ છે. જૈન 'તપોવન' જેવી સંસ્થામાંથી બહાર પડેલો વેપારી ન્યાયી અને ધર્મજ્ઞ હોય, સોલા વિદ્યાપીઠનો વિદ્યાર્થી કર્મકાંડી સર્વજ્ઞ બ્રાહ્મણ થાય, મદ્રેસામાં 'તાલીમ' પામનાર એનાં નિશ્ચિત ધ્યેયોને પામે છે.

પંડિત મહંત રામદાસનો પુત્ર વરૂણ અને રાજા અગ્રસેનનો પુત્ર કરણ એક ઋષિના તપોવનમાં શિક્ષણ લેતા હતા. વરૂણ ગીતા-મહાભારત અને ઉપનિષદોનું શિક્ષણ લેતો. અને રાજવી પુત્ર, યુધ્ધ તલવારબાદી, રાજનીતિ અને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરતો હતો. બંને મિત્રો થઇ ગયા હતા.

શિક્ષણ પૂર્ણ થયું.

એક સાંજે બંને ઘોડા પર બેસી પોતાના રાજયમાં પાછા જતા હતા. સાંજ ટાણે રસ્તા એક માળામાંથી કબૂતરનું નાનું બચ્ચું માળામાંથી નીચે પડ્યું. કબૂતરી આકુળ-વ્યાકુળ થઇ એની આસપાસ આંટા મારવા લાગી.

વરૂણે ઘોડો પડખે લીધો અને બચ્ચાંને ઉપાડી માળામાં ગોઠવવા પ્રયત્ન કરતો હતો-કરણ રાજે કહ્યું, વરૂણ આવા નાના કામમાં સમય બગાડવા યોગ્ય નથી. રાત પડી જશે તો મુશ્કેલી થશે..

વરૂણે ઘોડા પર ચઢી બચ્ચું માળા પર ગોઠવી દીધું અને પછી જ આગળ વધ્યાં..

શિક્ષણનો આ જ મોટો તફાવત છે.

# લંડનમાં બેઠાં-બેઠાં ગુજરાતીમાં લખેતો ખત મળે...

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

'ધ કૉફી હાઉસ' જેવું ગુજરાતીમાં લખેલું અંગ્રેજી ટાઇટલ ધરાવતી આ કૉલમમાં આજે ભાષાની વાત કરવી છે - આપણી માતૃભાષાની - ગુજરાતીની! જયાં સુધી સવારની ચાની ગરમ ચૂસ્કીઓ સાથે, બપોરે લંચ પછી ઓફિસમાં ખુરશી પર પીઠ ટેકાવીને બેઠાં બેઠાં, ભીડ ભરેલી એસ.ટી.ની ખખડધજ બસોમાં પણ સ્થિર રહીને કે કૉલેજની લાઈબ્રેરીમાં ઊભાં ઊભાં કોઈ પણ પ્રકારનાં વિશેષ યત્ન વિના આ લખાણ વાંછી અને સમજી શકતા હશો ત્યાં સુધી ગુજરાતી ભાષા નિઃશંકપણે જીવી રહી છે એમ ખચિત માનજો. અને આટલું વાંચતા જ ગર્વ પૈદા થઈ જાય તો તેને માતૃભાષા માટેનું તમારૂં સ્વાભિમાન ગણી લેજો બેશક!

આ ભાષા શું છે! - ભાષા સાથે - માતૃ ભાષા સાથે આપણો નાતો કેટલો?? છોકરાને માં ના ધાવણ સાથે હોય છે એટલો! એક ભાષા પોતાની છાતીમાં એક પ્રજાનો - એનાં હાસ્યનો - એનાં રૂદનનો - એની લાગણીઓનો ઈતિહાસ લઈને જીવે છે. સમયનાં એક ખંડમાં બીજી પેઢી તરફ વહે છે. રૂઢિપ્રયોગો, કાવ્યો, કહેવતો, વિશેષણો, લોકગીતો, લોકકથાઓમાં પ્રજાનો ગુસ્સો, વહેમ, વિશ્વાસ, અંધવિશ્વાસ, આર્ધ્વય, પ્રશ્નો બધું જ સમાઈ જાય છે. જન્મથી જ આંધળા-બહેરાં એ મૂંગા હેલન કેલર, ધ સ્ટોરી ઓફ માય લાઈફમાં લખે છે ''ભાષાનું રહસ્ય આંખ સામે ખુલી ગયું જાણે - હું પછી જાણી શકી કે **w-a-t-e-r** (વૉટર) એટલે મારા હાથને. અડકીને - સ્પર્શીને વહી જતી ઠંડી શીતળ - અદ્ભૂત ચીજ! એક સળગતા શબ્દને મારી ચેતનાને જગાડી - તેને રોશની અને આનંદ આપ્યો - તેને મુક્ત કરી!'' ભાષા સંસ્કૃતિને જીવાડે છે છે. ધારો કે સંસ્કૃત ભાષાનું જ્ઞાન લુપ્ત બન્યું હોત તો 'સત્યમેવ જયતે' બોલીને આપણે સત્યનું જયગાન ન કરી શક્યા હોત, અંધારી રાતમાં સૂમસામ ગલીઓમાંથી પસાર થયા ''ઉઁ ભૂર્ભવ સ્વઃ'' ગાઈ ન શકત - વેદ-વેદાંતો-પુરાણઓનું જ્ઞાન કાગળ પર ચીતરેલી અજાણી લિપિ તરીકે હંમેશ માટે રહસ્ય બની જાત - અને આપણે ભારતીય અસ્મિતાથી વંચિત!! ઈજિપ્ત અને મેસોપોટેમિયન સંસ્કૃતિની પ્રાચીન ભાષા ઉકેલાઈ શકી છે પણ સિંધુ કે હડપ્પીયન સંસ્કૃતિની વણઉકેલી ભાષાને હજી ઈતિહાસકારો અને પુરાતત્ત્વવિદો માટે સરપ્રાઈઝ બાકી રાખી છે! ભુલાયેલી ભાષા સમયનો - ઈતિહાસનો એક આખો ટુકડો આપણાંથી અલગ કરી દે છે!

> આમ તો સમય અનંત છે, પણ તેને ટુકડાઓમાં જોવાની આપણા સ્વભાવનાં ભાગરૂપે કહું તો ''ધ કૉફી હાઉસ'' અખબારનાં આ પાનાઓ પર ત્રણ વરસની મુસાફરીનાં સ્ટેશન પાર કરી રહી છે... આપ સૌનાં પ્રેમ, પ્રતિસાદ, વખાણ અને નિંદાને હૃદયપૂર્વક આવકારૂં છું. આ મુસાફરીમાં સહભાગી બનવા બદલ આપ સૌનો આભાર.
>
> **- ઉત્સવ પરમાર**

અંગ્રેજીનું ગુજરાતી સહિતની ભારતીય ભાષાઓ પર આક્રમણ - એ વિષય પર ચિંતનસભા ઓ અને યાત્રાઓ યોજાઈ રહી છે. સ્લૅવરી હેરીટેજ **(Slavary heritage)** માં મળેલી ઈંગ્લિશ ભાષાએ સમગ્ર વિશ્વમાં પંજા ફેલાવ્યા છે. આશરે સો કરોડથી વધુ લોકો અંગ્રેજી બોલી રહ્યાં છે; ગુજરાતી બોલવામાં શરમ અનુભવતો કલંકરૂપ ગુજરાતી પણ!! વૈશ્વિકરણનાં યુગમાં અંગ્રેજી આવકાર્ય ખરી પણ માતૃભાષાનાં ભોગે - તેનાં સન્માનનાં ભોગે તો નહીં જ! અંગ્રેજી ઘેલાં ગુજરાતીઓ જાણી લે કે અંગ્રેજી કરતાં ગુજરાતી લિપિ ટેકનિકલી વધુ ઉત્કૃષ્ટ છે. અંગ્રેજી લિપિ ચોક્કસ ઉચ્ચારણની સુવિધા નથી આપતી (અને એટલે જ ઑક્સફર્ડ સહિતની ડિકશનરીઓમાં સંપાદકોએ ફૉનેટિક્સની જબ્બર માથાફોડ કરવી પડે છે) જયારે ગુજરાતી સહિતયની મોટા ભાગની ભારતીય ભાષાઓ ઉચ્ચારણ સાથે લખાય છે. એક ઉદાહરણ તરીકે, એક અટક 'દવે' તેને અંગ્રેજીમાં **Dave** લખાય. આને કોઈ અમેરિકન કે બ્રિટીશ ડૅવ વાંચશે, કોઈ યોરપિયન **(European)** દા'વે વાંચશે તો કોઈ શિખાઉ દેવે કે ડૅવે વાંચશે. પણ જો એ અટક ગુજરાતીમાં લખાય તો - સીધઉં જ 'દવે' વંચાશે! હવે કહો કઈ લિપિ વધુ સમૃધ્ધ છે?!

ભાષા, સ્કૂલો અને કૉલેજોમાં વિષય તરીકે ભણાવાય છે પણ વાસ્તવમાં એ માધ્યમ છે; વિષય નહીં સાધ્ય નહિ પણ સાધન છે. ઈંગ્લીશ મીડિયમમાં ભણેલાં છોકરાં જ સ્માર્ટ અને ગુજરાતીમાં ભણેલાં ગમાર ને દેશી હોય છે, એવું માનવાને જરૂર નથી! માતૃભાષામાં શિક્ષણ સરળતાથી મેળવી શકાય છે - કારણ કે તે અંધારા હજારામાં ઉઠતા આપણી એકલતાનાં વિચારોની ભાષા છે - દાંત કચકચાવીને બોલેલી ભારેખમ ગાળની ભાષા છે! મીઠા પાણીની માછલીને ખારા પાણીમાં નાંખો તો એ મરી જાય તેમ ગુજરાતી બોલતાં પરિવારનો દીકરો કે દીકરી અંગ્રેજી માધ્યમમાં અંદરખાને પાણી બદલાયેલી માછલી જેવી વેદના અનુભવે છે. તમને પોટેટો ચિપ્સ ખાઈને ફલી ગયેલો - ફોરેન રિટર્ન - ફાંકડુ ઈંગ્લિશ બોલતાં બોલતાં એની ગાડી ચલાવતાં તમારા શર્ટ પર કીચડ ઉછાળતો છોકરો ગમશે કે ફાફડા - જલેબી ખાઈને મીઠો થયેલો - આખા દિવસનો થાક ફેંકીને ભીડ ભરેલી બસમાં ઊભો થઈને જગ્યા આપનારો ગુજારતી છોકરો??

ભાષા કેવળ શબ્દોની જ નથી હોતી - તેને વ્યાપક અને વિશાળ અર્થમાં સમજવાની છે. આંખોની યુનિવર્સલ ભાષા - ઈશારાની ઈન્ટરનેશનલ ભાષા - શરીરના રૉમેન્ટિક ભાષા - ચપટીની જાદુઈ ભાષા - સિસોટીની ટપોરી ભાષા - શ્વાસની ખામોશ ભાષા દરેક ભાષાનો આપણી ઓળખની જરૂર છે.

ભાષાને લગતી બીજી બાબતોમાં તેનું ઉચ્ચારણ અગત્યનું છે. બીજી ભાષામાં કેટલાંક શબ્દો આપણી લોકજીભમાં રૂઢ થઈ ગયા છે. જેમ કે બુગનવીલા તરીકે ઓળખાતી વનસ્પતિ આપણે ત્યાં બોગનવેલ તરીકે સંસ્કૃત થઈ તેવી જ રીતે એલાર્મ **(Alarm)** અને બોલ **(Ball)** જેવાં શબ્દો એલારામ એન બાઉલ તરીકે ગુજરાતીકરણ ગુજરાતી લોકજીભ વડે પામ્યાં છે. શબ્દકોશ વડે ભાષા નથી રચાતી; ભાષા વડે શબ્દકોશ રચાય છે. યુરોપિયન ભાષાઓ અને ઉચ્ચારણનો જરા સરખો પણ અભ્યાસ ન રાખનારા ગુજરાતી પત્રકારો લોયજરી **(lingerie)** જેવા શબ્દનું લિંગરી જેવું બેહૂદું અને બિભત્સ ઉચ્ચારણ છાપી નાખે છે - દરેક ભાષાનું ગૌરવ જળવાઈ રહે તે માટે દરેક ભાષાનું ગૌરવ જળવાઈ રહે તે માટે દરેક ભાષાનાં શબ્દોમાં સાચા ઉચ્ચારણ થાય તે માટે દરેક વ્યક્તિએ સાવધાની રાખવી જોઈએ.

ગુજરાતી ભાષા-માધુર્ય ધરાવતાં શબ્દો કેળવ ગુજરાતીમાં શોભે; તેનાં અર્થનું અંગ્રેજીમાં રૂપાંતર થઈ શકે પણ, તેનાં ભાવ કે માધુર્યનું નહીં. આનું પ્રતિવિધાન પણ એટલું જ સાચું છે. કેટલાંક ગુજરાતી શબ્દો જેમ કે લાવણ્ય, અસ્મિતા; કર્મ, ભક્તિ, લજ્જા, સંન્યાસ જેવા શબ્દોનો સમાનાર્થી અંગ્રેજીમાં છે - પણ ભાવાર્થી શબ્દ નહીં તે જ રીતે **Film, grace, lispstict, versatile, hoarding** જેવાં શબ્દોનું યોગ્ય ગુજરાતી નથી - આવા તો ઘણાં શબ્દો છે - હશે - તમે જ એક યાદી વિચારી જુઓને તમારી વાંચન અને અનુભવ યાત્રામાંથી?

ગમે તેમ તોય અંગ્રેજીમાં છવ્વીસ મૂળાક્ષરો તમને આખી દુનિયા સાથે જોડી આપે છે - વૈશ્વિક નાગરિકત્વ અપાવે છે. શબ્દની દૃષ્ટિએ અંગ્રેજી સમૃધ્ધ ભાષા છે. (આશરે, ૬,૧૬,૫૦૦ શબ્દો અને ૩૫ કરોડ જેટલાં અક્ષરો અને આંકડાઓ) વિશ્વવ્યાપી બ્રિટીશ સલ્તનત અને ડેટા એન્ટ્રીનાં **QWERTY** કી-બોર્ડનાં પ્રતાપે અંગ્રેજી સેલિબ્રીટીનું સ્ટેટસ ભોગવી રહી છે.


ખેર આજે અંગ્રેજીમાં છૂઈમૂઈ સૉફ્ટ ટૉય જેવી ગાળો બોલનારી ગુજરાતી છોકરાઓની આખી પેઢી ઊભી થઈ ચૂકી છે છતાં પણ ગુજરાતી સરહદો પાર ગુજરાતી હોર્ડિંગ જેવા મળી જાય ત્યારે એ રંજ ઓછો થઈ જાય છે. ગુજરાતી એટલે કાઠિયાવાડીનાં પ્યાલામાં છલકાતી છાશની ખાટી

(અનુસંધાન પાના નં. ૬ પર)


## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૨મી ફેબ્રુઆરી**



- મહાન કર્મવીર સમાજ સેવક ઇન્દુલાલ યાજ્ઞિકનો જન્મ નડિયાદમાં ૨૨-૨-૧૮૯૨. કોઇની શેહશરમ રાખ્યા વિના સાચું કહેવાની ટેવ. ગાંધીજીએ પણ કહેલું 'ઇન્દુલાલ જેવો પ્રામાણિક લોકહિતાર્થે જીવનારો માણસ મળવો મુશ્કેલ છે.' ૪૦ જેટલાં પુસ્તકો લખ્યા. ૧૯૭૨માં તેમનું અવસાન થયું.
- વિશ્વ વ્યાપી સ્કાઉટની પ્રવૃત્તિની શરૂઆત થઇ ૨૨/૨/૧૮૫૭. મહાત્માજીના જીવનસંગિની કસ્તૂરબા ગાંધીની પુણ્યતિથિ. સમર્પણભાળ - સેવાવૃત્તિ-પ્રાર્થના એ તો એમનો નિત્યક્રમ હતો. ૨૨-૨-૧૯૪૪માં અવસાન થયું.
- ૧૭૩૨ - અમેરિકાના પ્રથમ પ્રમુખ જયોર્જ વોશિંગ્ટનનો જન્મ દિન.
- ૧૯૦૧ - બ્રિટીશ સામ્રાજયની મહારાણી વિક્ટોરીયાનું અવસાન.



- ૧૯૭૭ - કવિ દુલાભાયા કાગની પુણ્યતિથિ.

# 'બ્લીઝાર્ડ' સુપર કમ્પ્યુટરનું વજન કેટલા ટન છે?

**વિષય : વિજ્ઞાન જગત**

(૧) 'બ્લીઝાર્ડ' સુપર કમ્પ્યુટરનું વજન કેટલા ટન છે?
(અ) ૩૦ ટન (બ) ૩૫ ટન (ક) ૪૫ ટન (ડ) ૨૦ ટન

(૨) કયા વર્ષમાં પ્રથમ માનવજીવનોની શૃંખલાના સંશોધકોમાં વેન્ટરનો પણ સમાવેશ થયો હતો?
(અ) ૨૦૦૧ (બ) ૨૦૦૭ (ક) ૨૦૧૦ (ડ) ૨૦૦૦

(૩) વેન્ટર તથા તેમની ટીમે કયા વર્ષે બેકટેરીયા જીવોમનું રાસાયણિક બંધારણ તૈયાર કરવાની જાહેરાત કરી હતી?
(અ) ૨૦૦૮ (બ) ૨૦૦૭ (ક) ૨૦૦૬ (ડ) ૨૦૦૯

(૪) સંશોધકોએ બેકટેરિયમ માયકોપ્લાસ્મા માયોડાઈડિયાઝ જીનોમની કેટલા લાખ જોડીઓની રચના કરી હતી?
(અ) ૭.૮ (બ) ૧.૮ (ક) ૧૦.૮ (ડ) ૮.૮

(૫) માનવસર્જિત () દ્વારા સિન્થેટિક જીવંત સેલનું સર્જન કરનાર ૪૬ વિજ્ઞાનીઓમાં કેટલા ભારતીય મૂળનાં વૈજ્ઞાનિકો હતા?
(અ) ચાર (બ) ત્રણ (ક) દસ (ડ) બાર

(૬) 'હ્યુમન જિનોમ'નો ભેદ ઉકેલતી ક્રાંતિકારી સંશોધનમાં વિશ્વમાં ભારત કયા ક્રમે છે
(અ) પહેલાં (બ) ચોથા (ક) પાંચમા (ડ) છઠ્ઠા

(૭) વૈજ્ઞાનિકોનાં મતે પૃથ્વી પર પાણીનો કુલ જથ્થો કેટલા બિલિયન ઘન કિ.મી. જેટલો છે?
(અ) ૧.૧૩૨ (બ) ૧.૬૦
(ક) ૨.૪૮૩ (ડ) ૧.૧૧૬

(૮) કોઈ પણ સજીવના શરીરમાં રહેલાં જીન સહિત શરીર રચનાની સંપૂર્ણ માહિતી શામાં સમાયેલી હોય છે?
(અ) **DNK** (બ) **DNA**
(ક) **DNO** (ડ) **DNC**

(૯) હ્યુમન જિનોમનો રંગસૂત્રો (ક્રોમોઝોમ)ની કેટલી જોડમાં સંગ્રહ થયેલો હોય છે?
(અ) ૨૦ (બ) ૨૨ (ક) ૨૧ (ડ) ૨૩

(૧૦) માનવીના શરીરમાં રહેલું **DNA** કેટલા પ્રકારનાં રસાયણોનું બનેલું હોય છે?
(અ) ચાર (બ) પાંચ (ક) છ (ડ) આઠ

(૧૧) ૨૩માંથી કેટલી જોડ 'ઓટોસોમલ ક્રોમોઝોમ પેર' તરીકે ઓળખાય છે?
(અ) ૨૦ (બ) ૨૧ (ક) ૨૨ (ડ) ૧૯

(૧૨) વિશ્વનું સૌથી મોટું વેધર સુપર કમ્પ્યુટર કયા નામે ઓળખાય છે?
(અ) એલજિબ્રા (બ) જીઓસ્ટીક (ક) ધ ફોરકાસ્ટીંગ (ડ) 'બ્લીઝાર્ડ'

(૧૩) હ્યુમન જિનોમના રંગસૂત્રની કઈ જોડ નર-નારીનો નિર્ણય કરવાનું કામ કરે છે?
(અ) ૨૦મી જોડ (બ) ૨૩મી જોડ (ક) ૨૧મી જોડ (ડ) ૧૯મી જોડ

(૧૪) વિશ્વનું સૌથી મોટું વેધર સુપર કમ્પ્યુટર 'બ્લીઝાર્ડ' કયા દેશે તૈયાર કર્યું છે?
(અ) જર્મની (બ) જાપાન (ક) સ્પેન (ડ) ફ્રાન્સ

(૧૫) 'બ્લીઝાર્ડ' નામનું સુંદર કોમ્પ્યુટર તેના પુરોગામી કોમ્પ્યુટર કરતાં કેટલાં ઘણું વધારે ઝડપી છે?
(અ) ૨૦ ગણું (બ) ૫૦ ગણું (ક) ૬૦ ગણું (ડ) ૮૦ ગણું




### ● વિવિધા ●

વિષય :- ગુજરાતમાં આવેલા પર્વતો-શિખરો

- દત્તાત્રેય-ગિરનાર : **જૂનાગઢ** ● ભૂજિયો : **જિ.કચ્છ**
- સાપુતારા : **ડાંગ** ● નખત્રાણા : **જિ.કચ્છ**
- રતનમાલ : **પંચમહાલ** ● ઓસમ : **જિ.રાજકોટ**
- ગીરની ટેકરીઓ : **જિ.અમરેલી, જૂનાગઢ** ● ચોટીલા : **જિ.સુરેન્દ્રનગર**
- બરડો : **જિ.જામગનર** ● શેત્રુંજય : **જિ.ભાવનગર**
- સતિયા દેવ : **જિ.જામગનર** ● શિહોર : **જિ.ભાવનગર**
- ધીણોધર : **જિ.કચ્છ** ● ઈડર : **જિ.સાબરકાંઠા**
- ખાંડેર : **જિ.કચ્છ** ● આરાસુર : **જિ.બનાસકાંઠા**
- ખાવડા : **જિ.કચ્છ** ● તારંગા : **જિ.મહેસાણા**
- લખપત : **જિ.કચ્છ** ● રાજપીપલી ટેકરીયો: **જિ.નર્મદા**
- કાવો : **જિ.કચ્છ** ● વિલ્સન : **જિ.વલસાડ**

### ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - જમ્મુ કાશ્મીર લીબરેશન ફ્રન્ટ **(JKLF)** ના હાલનાં પ્રમુખ કોણ છે?
જવાબ - યાસીન મલિક

### સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) રેખા. એમ. જાદવ : સે-૩૦
(૫) શૈલેષ.ઝેડ.પટેલ : સે-૨૦
(૬) આકાશ.જી. પટેલ : સે-૨૩
(૭) રૂચિત એ. પટેલ : સે-૨૯

### પૂછું એક સવાલ...?

(૧) શાહ તન્મય એન. : સે-૨૦થી
પ્રશ્ન - ખનીજ તત્ત્વોનું શોષણ કરતી ફૂગ કઇ છે?
જવાબ - અલાઈવા

(૨) પટેલ પરેશ એચ : સે-૨૮થી
પ્રશ્ન - અમેરિકામાં સ્ટેચ્યુ ઑફ લીબર્ટી છે તેના કયાં કરતાં સરદાર પટેલનું સ્ટેચ્યુ ઑફ યુનીટી કેટલી ઊંચાઈનું હશે?
જવાબ - બે ઘણું

(૩) સોની હિરલ એ. : સે-૨૭થી
પ્રશ્ન - **SBI** બેન્કના વર્તમાન ચેરમેન કોણ છે?
જવાબ - શ્રી ઓ.પી. ભટ્ટ

(૪) વ્યાસ એકતા એલ. : સે-૨થી
પ્રશ્ન - ભારત દેશનું કયું ચંદ્રયાન અભિયાન માનવયુક્ત હશે?
જવાબ - ચંદ્રયાન-૩

(૫) બ્રહ્મભટ્ટ કોલમ પી. : ચાંદખેડાથી
પ્રશ્ન - ભારતમાં હાલ કુલ કેટલા અણુમથક આવેલા છે?
જવાબ - ૨૦

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આપણે જ આપણી કેડી કંડારવાની છે ને એ કેડીને જ વિકસાવીને આપણો માર્ગ ઘડવાનો છે

**સુખ અને દુઃખ - નામરૂપ જૂજવાં**
**- દિનેશ દેસાઈ**

અમેરિકાના સૌથી મોટા મોટરકાર ઉત્પાદક હેનરી ફોર્ડના જીવનનો એક જાણીતો પ્રસંગ છે. તેઓ દરરોજ પોતાના કાર્યાલય જવા નીકળે છે ત્યારે માર્ગમાં એક કૉબલર શૉપ પાસે રોકાતા. અહીં તેઓ મોચી પાસે શૂઝની પૉલિસ કરાવતા. મોચી પાસે નિયમિત જવાનું બનતું. આથી ફોર્ડને એમ થયા કરતું કે આ મોચી માટે હું એવું કંઈક કરૂં કે જેથી એનું જીવન ઉન્નત બને, એ જીવનમાં સુખી થાય. એને આ પ્રકારનાં કામો કરવાથી છૂટકારો મળે.

ફોર્ડે એકવાર એને કહ્યું કે, 'હું તને સુખી કરવા માંગુ છું.'

પેલો મોચી તો ફોર્ડને વિસ્મયભરી નજરે જોઈ જ રહ્યો.

ફોર્ડે કહ્યું કે, 'ચાલ, તને હું મારી કારની ડીલરશીપ આપી દઉં.'

મોચીએ પૂછ્યું કે, 'વેલ, પછી શું?'

ફોર્ડે કહ્યું કે, 'પછી તારો બિઝનેશ ખુબ વધશે.'

મોચી કહે કે, 'પછી શું?'

ફોર્ડે કહ્યું કે, 'પછી તું અને તારો પરિવાર માલામાલ થઈ જશો.'

મોચી કહે કે, 'પછી શું?'

ફોર્ડે કહ્યું કે, 'પછી તો તું કરોડો ડૉલર્સનો માલિક થઈ જઈશ.'

મોચી કહે કે, 'પછી શું?'

હવે તો ફોર્ડ બરાબરના ચિડાયા હતા. તેમને થયું કે હું આને સુખી કરવા માંગુ છું, પરંતુ આને કંઈ ખબર જ પડતી નથી. તેઓ બોલ્યાં કે, 'તું ખુબ સુખી થઈશ, પછી તારે મારી મજૂરી નહીં કરવી પડે અને તને સુખેથી ઊંઘ આવશે.'

મોચી કહે કે, 'સર, હું તમારે રસ્તે ચાલીને ખુબ સુખી થઈને સારી રીતે ઊંઘી શકું એમ જ ને?'

ફોર્ડને લાગ્યું કે હવે આને મારી વાત બરાબર ગળે ઊતરી ગઈ લાગે છે. તેઓ બોલ્યા કે, 'બરાબર, તને સુખની નિદ્રા આવશે.'

હવે મોચી બોલ્યો કે, 'સર, અત્યારે પણ મને તો સુખેથી નિદ્રા આવે જ છે તો પછી તમારા કહેવા પ્રમાણે મારે મારો બિઝનેશ વધારવાની અને એવી બધી ઉપાધિ સામેની સ્વીકારવાની શી જરૂર?'

હેનરી ફોર્ડ તો એ મોચીની વાત સાંભળીને દંગ રહી ગયા.

ફોર્ડ જેવા ઉદ્યોગપતિ માટે સુખની વ્યાખ્યા ગાડી, બંગલા અને એશોઆરામ હોઈ શકે છે. એમને મન મોચીની જિંદગી એટલે દુઃખ. પરંતુ સિક્કાની બીજી બાજુ પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે. પેલા મોચી બે ટંકનો રોટલો એ જ દુનિયાનું સર્વોત્તમ સુખ છે. નરસિંહ મહેતા એક પદમાં કહે છે કે, 'નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ...' વ્યક્તિએ - વ્યક્તિએ સુખ અને દુઃખની વ્યાખ્યા અલગ-અલગ હોઈ શકે છે. તમે સુખ અને દુઃખ કોને માનો છો એના પર બધો આધાર છે.

હેપીનેસ - સુખ તમારી ભીતર જ હોય છે. એને ખોળવું ને ઢંઢોળવું પડે. આ વિધાનમાં તમને પોઝિટીવ થિન્કીંગની ફ્રેગરન્સ પણ આવશે. પરંતુ વાત હકારાત્મક દૃષ્ટિકોણની જ છે. ચાલો, અભિગમ બદલીએ. ચૅન્જ યૉર એટિટયૂડ. સુખ નામનો પ્રદેશ ખરીદી શકાતો નથી. મૅક ધ ડિફરન્સ. આ તફાવત સમજવાની વાત છે. કહેવાનો મતલબ એટલો જ કે ઉપરવાળાની મરજી આગળ કોઈનું કશું જ ચાલતું નથી તો પછી હર્ષ કે શોક શા માટે? સુખ અને દુઃખથી પર-ઉપર રહેવાની આ વાત છે. વિપદા પડે નવ વલખીએ અને સુખ આવે નવ છકી જઈએ.

સુખ-દુઃખ મનમાં નવ આણીએ રે. આ કોઈ ફિલોસોફીની વાત નથી. કોઈ વિપદા આવી પડે તો એમાંથી માર્ગ કાઢવાનો હોય. માથે હાથ લઈને બેસી રહેવાથી શું વળવાનું? ધારો કે દુઃખ આવી પડ્યું તો એનાં રોદણાં રડવાથી શું થશે? આપણાં દુઃખડાં કોઈને સંભળાવવાથી એ દુઃખડા ઓછાં તો થવાનાં જ નથી. વળી એ દુઃખડા પણ આપણા વતી બીજાં કોઈ પણ ભોગવી શકવાનાં નથી. તો પછી એનો વિષાદ શા માટે?

એક સરજ મજાનો કવૉટ છે. અબ્રાહ્મ લિંકને કહ્યું છે : 'કયારેય તમે તમારી મુસીબતો - દુઃખો કોઈ સાથે શૅર ના કરશો. કેમ કે તમારી વાત સાંભળનારા ૭૦ ટકા લોકોને એના વિશે કશી પડી જ હોતી નથી. જયારે બીજા ૩૦ ટકા લોકો એવા હોય છે કે જેઓ તમારી વીતક સાંભળીને મનોમન રાજી જ થતાં હોય છે.'

વાતનો સારાંશ એટલો જ કે આપણે જ આપણી કેડી કંડારવાની છે ને એ કેડીને જ વિકસાવીને આપણો માર્ગ ઘડવાનો છે. ''આપણે જ ઘડવૈયા હો બંધુ આપણા રે.'' સુખ અને દુઃખ રેલવે ટ્રેકના બે સમાન્તર રહેલા પાટા જેવા છે. સાથે પણ હોય અને જુદાં પણ હોય. આપણું નિશાન માત્ર પ્રગતિ હોવું જોઈએ. બસ, આગળ વધવાનું લક્ષ્ય હોવું જોઈએ. બીજાની દૃષ્ટિએ જે બાબતનું દુઃખ હોય પણ એથી કોઈ જ ફરક પડતો ન હોય. જયારે એથી ઉલ્ટું, લોકો જેને સુખ માનતા હોય એવી બાબતો, ચીજવસ્તુ, પદ-પ્રતિષ્ઠા, માન આવી મળ્યાં હોય તો એથી જરાય અહોભાવ પણ અનુભવાતો નથી. તમે તમારી જાતને કાયમ કોઈને કોઈ કાર્યમાં હંમેશા વ્યસ્ત રાખો. કેમ કે બીઝી માણસ પાસે દુઃખી થવાનો પણ સમય હોતો નથી. ભાવિ જીવનની મીઠાશ માણવા માટે તમારે સૌપ્રથમ તો જીવનના ભૂતકાળની કડવાશ ભૂલવી રહી.

સુખ-દુઃખની વ્યાખ્યા અને અનુભૂતિ બેઉ જુદી બાબત છે. પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે સવાલ તમારા દૃષ્ટિકોણનો છે. તમે કેવાં સંદર્ભથી દુનિયાને નિહાળો છો, એના ઉપર બધો આધાર છે. તમને તમારૂં કાર્ય જ મહાન બનાવે છે. કર્મનું ફળ સુખનો અને દુઃખનો સ્વાદ ચખાડનારૂં બની શકે. શ્રીમદ્ ભગવત ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે કર્મફળનો મહિમા વર્ણવેલો જ છે.

ભૌતિક સંપદાના ત્રાજવે જ આપણે હંમેશાં સુખ-દુઃખને તોળીએ છીએ, એ શું વ્યાજબી છે? હેનરી ફોર્ડ જેવા કોઈ ધનિક હોય પરંતુ બિમારીના કારણે બે ટંક ભોજનના બદલે માત્ર દવાથી જ પેટ ભરતા હોય એ સજ્જનને આપણે શું સુખી કહીશું? ફોર્ડના મોચીને ભલે કોઈ દુઃખી કહે, પરંતુ એના જેવો સુખી બીજો કોણ હોઈ શકે? ભગવાન મહાવીર અને ભગવાન બુધ્ધે શાંતિની ખોજ માટે રાજમહેલનો ત્યાગ કર્યો હતો. જયારે આપણે સુખ-શાંતિના ભોગે મહેલ એટલે કે મહેલ-મહોલાતો જેવી વૈભવી સગવડોની કામના કરીએ છીએ.

- dineshdesai303@gmail.com